# Nirma University
# Library Resource Centre

NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

Publication: **Gujarat Samachar Plus** Edition: **Ahmedabad**
Date & Day: **11/01/2022 (Tues)** Page No: **01**

## મરક્યુરી કારે એશિયાની સૌથી મોટી

# સોલાર વ્હીકલ કોમ્પિટિશનમાં 10માંથી 8 એવોર્ડ જીત્યા



ચંડીગઢ યુનિવર્સિટી ખાતે યોજાયેલી એશિયાની સૌથી મોટી સ્પર્ધા 'સોલાર વ્હીકલ કોમ્પિટિશન'માં ભાગ લઈને નિરમા યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સની સોલાર કારે ૧૦માંથી ૮ એવોર્ડ જીત્યા છે. દેશની જુદી જુદી યુનિવર્સિટીના સ્ટુડન્ટસે આ કોમ્પિટિશનમાં ભાગ લીધો હતો. આ કારની વિશેષતા એ છે કે કારમાં સૌથી વધુ લાઈટ વેઈટ ધરાવતી ૯ સોલાર પેનલ લગાવેલી છે. આ સોલાર કાર વિશે માહિતી આપતા સ્ટુડન્ટ હેનિલ ગજ્જરે કહ્યું કે, દોઢ વર્ષની મહેનત બાદ અમે ૪૦ મિત્રોએ ભેગા મળીને સોલાર કાર બનાવી હતી. કારનું અમે મરક્યુરી રાખ્યું હતું. કારમાં સિંગલ સ્પીડ ગિયર બોક્ષ છે. કારમાં એક જણ બેસી શકે એવી આ કાર વ્યક્તિ વગર પણ ચાલી શકે છે, જેને કેમેરા અને રીમોર્ટ દ્વારા કંટ્રોલ કરી શકાય છે. કારમાં લાગેલા ૯ સોલાર પેનલ છાંયડામાં આવતા જો બંધ થઈ જાય અને કાર ચાલુ રહે એ માટે સોલારમાં અલગથી બાયપાસ સર્કિટ લગાવવામાં આવ્યું હતું.